### શ્રી પાંચ ગામ

# આહિર સમાજનો

## રસપ્રદ ઈતિહાસ અને ગૌરવ ગાથા







- નેર
- બંઘડી
- માય
- લાખાવટ
- કકરવા

# શ્રી પાંચ ગામ આહિર સમાજ કારોબારી સમિતી



**શ્રી જયેશભાઈ રામજીભાઈ વરચંદ**
પ્રમુખશ્રી, ગામ : નેર



**શ્રી માદેવાભાઈ ખીમાભાઈ ઉંદરીયા**
(એડવોકેટ)
મંત્રીશ્રી, ગામ : કકરવા



**શ્રી હિરાભાઈ પચાણભાઈ માતા**
ઉપપ્રમુખશ્રી, ગામ : માચ



**શ્રી રણછોડભાઈ વિસાભાઈ ચાવડા**
સભ્યશ્રી, ગામ : બંધડી



**શ્રી કાનાભાઈ લખમણભાઈ ઉંદરીયા**
સભ્યશ્રી, ગામ : લાખાવટ


| | | |
|---|---|---|
| **વર્ષ** | :: | ૨૦૨૦ |
| **લેખન - સંપાદક** | :: | જય અંજારિયા |
| **સંકલન** | :: | ખીમજી કાંઠેચા, દિલીપ સોલંકી |
| **માર્ગદર્શન** | :: | મનીષ આચાર્ય, ડાયરેકટર - સેતુ અભિયાન |
| **પ્રકાશક** | :: | સેતુ અભિયાન<br>૭૫, ગેટ નં. ૩, બેંકર્સ કોલોની, ભુજ - મુન્દ્રા રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧<br>ફોન : (૦૨૮૩૨) ૨૨૫૭૭૨ \| Email : setuoffice@gmail.com |
| **પ્રાપ્તિ સ્થાન** | :: | (૧) સેતુ અભિયાન કબરાઉ, ભચાઉ (૨) પ્રમુખશ્રી પાંચ ગામ આહિર સમાજ |

મુખપૃષ્ઠ ડિઝાઇન, ટાઇપ સેટીંગ અને મુદ્રણ
**પુજા ગ્રાફીકસ** - સ્ટેશન રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧, ફોન : (૦૨૮૩૨) ૨૫૨૯૯૫

# શ્રી પાંચ ગામ આહિર સમાજનો રસપ્રદ ઈતિહાસ

## પ્રસ્તાવના

**“આહિર કુળ અવની ઉપર હમીરના હત હૈયાત
તો તો દેવકી તારો દિકરો ઈ કંશના હાથે કપાત”**

**“આશરો”** શબ્દનું ઉચ્ચારણ કરતાંની સાથે જ આહિર સમાજ યાદ આવે ; કારણ કે અખીલ બ્રહ્માંડના અધીપતી ભગવાનશ્રી કૃષ્ણ જન્મયા મથુરાની જેલમાં પણ માતા દેવકી અને પિતા વાસુદેવને ભવ બંધનની જેલમાંથી મુકત કરાવવા ગોકુળના આહિર કુળમાં નંદબાવા અને માતા જશોદાના ખોળે આશરો લઈને ૧૧ વર્ષ ૫૧ દિવસ રહ્યા. જુનાગઢ રાજના વંશની જયોત જલતી રાખવા માટે આલીદર બોલીદરના દેવાયત બોદર આહિર તેમજ તેમના અર્ધાંગિની સોનબાઈ દ્વારા પોતાના પેટના દીકરા ઉગાનું બલીદાન આપીને રા નવઘણના રખોપા કરવામાં આવ્યા. આ પરમાર્થી કાર્યને કારણે ‘આહિર નો આશરો’ એમ કહેવાયું. ગોકુળ - મથુરાથી આહિરો જયારે નોખા પડયા ત્યારે જે વિસ્તારમાં જઈને રહેવા લાગ્યા તે મુજબ તેની મુખ્ય ઓળખ ઉભી થઈ જેમાં મચ્છુ કાંઠે વસવાટ કરનારા મચ્છોયા, સોરઠમાં વસનારા સોરઠીયા, ચોરાડમાં વસનારા ચોરાડા અને પ્રાંથળમા વસનારા પ્રાંથળીયા આહિર તરીકે ઓળખાયા, જેમાંથી પાંચ ગામ આહિર સમાજમાં પ્રાથળીયા આહિર સમાજ છે.



## પ્રમુખશ્રીના શબ્દો...



### શ્રી જયેશભાઈ રામજીભાઈ વરચંદ
### (આહિર)

આહિર અને આશરો એ એક બીજાના પર્યાય છે ! એ અડાભીડ આહિર સમાજના પાંચ ગામ પણ આહિર સમાજની પરંપરાગત રીતભાત, બોલી, પોષાક અને ઘરેણાનું પહેરવેશ વગેરે સાચવીને બેઠું છે તેનું અમને ગર્વ છે. પરંપરાની સાથે - સાથે સમાજે વર્તમાન આધુનિક સમય સાથે તાલ મિલાવીને પરિવર્તનની શરૂઆત કરી છે ; જેમાં ખાસ કરીને ખોટા અને ખર્ચાળ રીવાજો પર નિયંત્રણ કરવાની પહેલ કરી છે. સમાજના પ્રથમ પ્રમુખ તરીકે સમાજ સતત સકારાત્મક પરિવર્તનો આણંતુ રહે તે ઈચ્છનીય છે. આપણા પાંચ ગામ આહિર સમાજને હજુ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધારવા માટે દીકરી - દીકરાને ભણવાની પુરતી તક મળે જેથી આપણા સમાજના યુવાનો પણ ઉંચા હોદ્દા પર અધિકારી તરીકે બીરાજમાન થાય. શિક્ષણ વધવાથી અંધશ્રદ્ધા, ખોટા અને ખર્ચાળ રીવાજોનો ત્યાગ, વ્યસન મુકિત, બાળલગ્ન નાબુદી વગેરે સમસ્યાઓથી મુકિત મેળવી ઉન્નત સમાજની રચના કરી શકીશું.

## સંસ્કૃતિ



કૃષ્ણ ભગવાનના સમયથી જે રીતે કૃષ્ણ ભગવાન પણ ગોવાળીયા હતા એજ રીતે જે ગોવાળીયા સમુદાય હતો આજે એ આહિર સમાજના નામે ઓળખાય છે. તેથી ધાર્મિક, પૌરાણિક અને સામાજિક ઈતિહાસમાં આહિર સમાજ મહત્વનું સ્થાન ધરાવે છે. ‘‘માલ ચરાવનાર’’ સમુદાય તરીકે વર્ષોથી કચ્છને પોતાની કર્મભુમિ સ્વીકારનારા સમાજના વડીલોએ સામાજીક પરંપરા જાળવી રાખી છે. સમાજના યુવાનો પણ સમાજની માનમર્યાદા જળવાઈ રહે એ રીતે સમાજને દુનિયાના વહેતા વહેણ સાથે સાંકળવાના પ્રયાસો કરી રહ્યા છે જેથી દરેક ક્ષેત્રે ધીરે ધીરે પરિવર્તન આવી રહ્યું છે. પહેલાં ભણતર તરફ આ સમાજ ખાસ સક્રિય નહોતો પણ ધીરે ધીરે હવે શિક્ષણને પણ પ્રાધાન્ય આપી સમાજમાં કન્યા કેળવણીનો વ્યાપ પણ વધી રહ્યો છે !

સમાજની ખાસિયત એ છે કે સમગ્ર કચ્છમાં આહિર સમાજ વ્યાપ્ત છે પરંતુ આ સમાજ ‘‘પાંચ ગામ આહિર’’ સમાજ તરીકે અનોખી ઓળખ ધરાવે છે. અને આ પાંચ ગામમાં માય, નેર, લાખાવટ, કકરવા અને બંધડીનું સમાવેશ થાય છે. પાંચ ગામ પ્રાથળીયા આહિર સમાજની લોક બોલી સામાન્ય ગુજરાતીથી અલગ છે આ બોલી ની મીઠાસ જાણવા અને માણવા માટે આહિર ના મહેમાન બનવું પડે.



આ જ્ઞાતિમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં પેટા જ્ઞાતિ /નુખ/શાખ છે જેમાં નેર ગામમાં વરચંદ, ચાવડા, છાંગા, ગાગલ, બતા, બંધડી ગામમાં ચાવડા, માતા, ઢીલા, છાંગા, ડાંગર, માચ ગામમાં વરચંદ, ચાવડા, ઉંદરીયા, માતા, લાખાવટ ગામમાં ઉંદરીયા, માતા, ગાગલ, વારોત્રા, ચાડ, ચાવડા અને કકરવા ગામમાં ઉંદરીયા, છાંગા, ચાવડા અને વરચંદનો સમાવેશ થાય છે. અનોખી રીતે એકબીજાના સંબંધોના આધારે ‘‘પાંચ ગામ આહિર સમાજ’’ કૃષ્ણ ભગવાનના સમયથી પોતાની ઉત્પતિ થઇ હોવાનું માને છે. અંદાજે પાંચ હજાર વર્ષોથી આહિર સમાજનું અસ્તિત્વ હોવાની માહિતી સમાજના વડીલો પાસેથી મળે છે. પાંચ ગામ વિશેની માહિતી આપતાં બંધડી ગામના વડીલ કહે છે કે, આ પાંચ ગામો એકબીજાથી નજીક હતા, પહેલાં વાહન વ્યવહાર પણ જરૂર પ્રમાણે નહોતા તેથી આ પાંચેય ગામોએ એકબીજા ગામ સાથે રોટી - બેટીનો વ્યવહાર સ્થાપિત કર્યો અને ત્યારથી આ ‘‘પાંચ ગામ આહિર સમાજ’’ કહેવાયો. ધાર્મિક પ્રકૃતિ ધરાવતો આ સમાજ કૃષ્ણ ભગવાન ઉપરાંત માતાજીને પણ આરાધે છે જેમાં પોતપોતાની નુખ પ્રમાણે કુળદેવીને પૂજે છે.

## આજીવિકા

સમાજની આજીવિકા વિશે મળેલી માહિતી અનુસાર ભૂતકાળમાં આ સમાજ માલ ચરાવનારા સમાજ તરીકે ઓળખાતો હતો. કેટલાક પરિવારો પાસે પોતાના પશુઓ હતા. જ્યારે કેટલાક પરિવારો બીજાના પશુઓની સારસંભાળ કરતા. ધીરે ધીરે ખેતી તરફ વળ્યા તેમજ ધંધા રોજગાર માટે મુંબઇ, ગાંધીધામ તેમજ અન્ય શહેરોમાં નોકરી તેમજ અલગ-અલગ શહેરોમાં વ્યવસાય કરી રહ્યા છે. અલબત્ત ધીરે ધીરે યુવાપેઢી ભણતર તરફ વળી રહી છે તેમજ સમાજની દીકરીઓ પણ ભણી શકે એ માટેના પ્રયાસો પણ કરી રહ્યા છે.

## કળા અને આવડતો

આહિર સમાજનું નામ માત્ર આવે એટલે આહિરાણીના ભરતકામની તેમની આગવી કલાનો ઉલ્લેખ કરવો જ પડે ! સામાન્ય રીતે ખેતીકામમાં વ્યસ્ત રહેતા આ સમાજની બહેનો ઘરે ભલે ચુલા ફુંકતી હોય પણ તેમના હાથમાં રહેલી ભરતકામની હસ્તકલાનો કોઈ વિકલ્પ નથી. સમાજનો અધિકાર હોય, આવી હસ્તકલાનો વેપાર કરીને કલાનું અપમાન થોડી કરાય !’ પોતાની ભરતકામની કલા પર જેમને હમેશાં માન રહ્યું છે એવા આહિર સમાજની સંસ્કૃતિ સાથે જ વણાયેલી આ અદભુત ભરતકામની કલા ! એમ કહેવાય છે કે જો આપણે ઈચ્છીએ તો પણ આહિર લોકોના ભરતકામની નકલ કરવી અશક્ય છે એવી અલભ્ય ભરત ભરવાની આગવી આવડત આ સમાજની બહેનો ધરાવે છે. એટલું જ નહિં માત્ર પહેરેલા વસ્ત્રો પરનું ભરતકામ જોઈને જ ખ્યાલ આવી જાય કે આ મહિલા આહિર સમાજની છે. અને હા, એવું નથી કે આગળની પેઢી જ માત્ર આ કલા જાણતી હતી ; આજની પેઢી પણ આ કલાનું માન રાખે છે. તેમના રિવાજ પ્રમાણે દીકરી પરણીને પોતાને સાસરે જાય ત્યારે પોતાના હાથે ભરત ભરેલાં વસ્ત્રો પોતાની સાથે લઈ જતી હોય છે.

તેથી નાનપણથી જ આહિર સમાજની દીકરીઓના હાથના ટેરવાં ભરતકામને હસ્તગત કરી લેતાં હોય છે. પહેલાં ૧૦ જોડી ભરત ભરવાની પ્રથા હતી હવે ૩ જોડી ભરત ભરવામાં આવે છે. પહેલાં ખાંપારો ગોટા એટલે કે સાચું ભરત ભરવામાં આવતું હવે તેમાં ગુંથણી, કોડી વગેરે સાથે ભરતકામ કરવામાં આવે છે. વધુમાં ભજન કિર્તનની પણ આગવી કલા આ સમાજ ધરાવે છે. સમાજના રણછોડભાઈ વસરામભાઈ ગાગલ જાતે હાર્મોનિયમ બનાવે છે અને રીપેર પણ કરવાની આવડત ધરાવે છે તેમજ વગાડવાનો શોખ પણ ધરાવે છે.

## રમતગમત અને મનોરંજન





સામાન્ય રીતે આ સમાજમાં ખાસ કોઈ રમતગમત રમવાની વાત જાણવા નથી મળતી. બાળકો ગીરીયા, પતંગ, લંગડી, ગીલીડંડો, ઝમપીપડી જેવી રમતો રમે છે. સમાજના બાળકો અને સ્ત્રીઓ મોબાઈલ જેવા ઉપકરણોથી દુર છે અને બાળકો મેદાનમાં રમાતી રમતોથી મનોરંજન મેળવે છે. સમાજમાં નવરાત્રિનું અનોખું મહત્વ છે અને આ સમાજ આસો અને ચૈત્ર બન્ને નવરાત્રિ સમાન રીતે ઉજવે છે અને આનંદ મેળવે છે. સમાજની બહેનો નાનપણથી જ ભરત ભરતાં જાણે છે અને તેને જ મનોરંજન નું સાધન પણ ગણે છે. ભાઈઓ નિરાંતના સમયે ભજન કિર્તન કરીને મનોરંજન મેળવે છે. વર્તમાન સમયમાં યુવાનો ક્રિકેટ તરફ વળ્યા છે.

## કૌટુંબિક વ્યવસ્થા

ઘરના મોવડી પુરુષ ઘરના આધાર સ્તંભ ગણાય છે. પરિવારના હિતમાં કોઈપણ પ્રકારના નિર્ણય લેવાનો અધિકાર ઘરના મોવડીને હોય છે. એકમેકને આદરભાવ આપવો, કોઈપણ નિર્ણયોમાં ઘરના સભ્યોના અભિપ્રાય લેવા, મુશ્કેલીમાં સાથ સહકાર આપવો, સામાજિક પ્રસંગોમાં એકબીજાનો સગવડો સાચવવી જેવી અનેક બાબતો સમાજમાં રહેલી છે. કુટુંબમાં સ્ત્રી પુરુષને સમાન સ્થાન આપવામાં આવે છે. અલબત્ત ઘરમાં માન મર્યાદાનું ઘણું મહત્વ રહેલું છે. પ્રાસંગિક ભુમિકામાં ઘરના પુરુષો અગ્રીમ ભુમિકામાં રહે છે. પરિવાર અને સમાજમાં સંબંધો સાચવવામાં માનતો સમાજ છે.

## પહેરવેશ - ઘરેણા





ઉગાના બલીદાન ને ૨૦ વર્ષના વાણા વહી ગયા બાદ જયારે નવઘણ ગાદીએ આવ્યો ત્યારે ઉગાનો શોક જાહેર થયો. ત્યારથી આહિર સમાજના યુવાનો માથામાં લાલ ટપકી વાળો કાળો રૂમાલ બાંધતા, જે હાલમાં નથી બાંધતા અને આહિર સમાજની બહેનો લાલ ટપકી વાળા કાળા પેણા પેરવાની પરંપરા ચાલુ થઇ જે આજે પણ મોટી ઉંમરની બહેનો પહેરે છે. જે રીતે દરેક સમાજમાં પોતપોતાનો આગવો પહેરવેશ અને ઘરેણા હોય છે એ જ રીતે આહિર સમાજમાં પણ પોતાની ઓળખ છતી કરે એવા ઘરેણા અને પહેરવેશ હોય છે.

ઘરેણાની વાત કરીએ તો નાના બાળકને ગળામાં વેલો અને નાના મોટા સો કાનમાં ઠોરીયા, ભુંગરીયું, ઓગનીયા, તગલ કોઠી, કાનની મરકી, ગળાંનો ટુંપીયો, હાથના કડા, પગના તોડા / કડલા વગેરે પહેરતા હતા. હવે ગળા માં ચેન અને હાથમાં વીટી અને પહોંચી પહેરવાનું ચલણ વધારે છે. તેમજ પરણેલી સ્ત્રી હાર, રામરામી, મંગળસુત્ર, ચેન, ગળામાં ઝરમર પાંદડા, નાકની સળી, કડલા, કાંબી અને ઝાંઝર પહેરે છે. પહેલાંની મહિલાઓ ત્રાજવા ત્રોફાવતા પણ હવેની પેઢીમાં ત્રાજવા ત્રોફાવવાની રીત સદંતર નીકળી ગઈ છે. પહેરવેશની વાત કરીએ તો  કાંચરી, ઘાઘરા/પેણો અને ચુની મહિલાઓમાં સામાન્ય રીતે પહેરાય છે. હવેની દીકરીઓ ડ્રેસ પણ પહેરતી થઇ છે. પુરૂષોમાં ખાસ કોઈ ઘરેણા હોતા નથી પણ પહેરવેશમાં પુરૂષો ચોયણો અને કેડીયા જેવું પહેરણ પહેરે છે અને હવે સમય પ્રમાણે પેન્ટ અને શર્ટ પણ યુવાનો પહેરતા થયા છે.

## સામાજીક પરંપરા અને રીત રીવાજો

**બાળજન્મ સાથે સંકળાયેલી વિધિઓ :** ગર્ભવતી સ્ત્રીને બાળકના જન્મને બે મહિના બાકી હોય ત્યારે તેને પિયરવાળા તેડી જાય છે. પિયરમાં કન્યાનો સીમંત પ્રસંગ ઉજવવામાં આવે છે. દીકરાના જન્મ બાદ છઠ્ઠા દિવસે અને દીકરીના જન્મ બાદ પાંચમાં દિવસે છઠ્ઠી ઉજવવામાં આવે છે. જેમાં તેની માસી તેનું નામ પાડે છે. દીકરાના જન્મ વખતે ઘંઉના ઠોઠા બનાવવાનો રિવાજ છે. દીકરી - દીકરાના જન્મ નિમિત્તે સગા સંબંધીઓમાં મીઠાઇ વહેંચવામાં આવે છે દીકરાના જન્મ બાદ મહા મહિનામાં સાતમ કે આઠમના દિવસે સમાજના કુળદેવી પાસે જઇ પરિવાર દીકરાની મુંડન વિધિ કરાવે છે. પ્રથમ દીકરાના બાલમુંડન પ્રસંગે ૮ કિલો તેમજ બીજા દીકરાના મુંડન પ્રસંગે ૪ કિલો મીઠાઇ બનાવવામાં આવે છે. દીકરા ને હોળીના ફેરા ફરાવવામાં આવે છે અને દીકરી ને પગે લગાડવામાં આવે છે.

જે રીતે અન્ય સમાજમાં પણ જોવા મળ્યું છે તેમ આહિર સમાજમાં પરિવારમાં દીકરો જન્મે ત્યારે શરૂઆતના ૧૨ દિવસ તેને ખાટલી પર સુવાડવામાં આવે છે અને તેરમા દિવસે આસપાસના ૪ બાળકોને ઘેર બોલાવીને તેમના હાથે પારણામાં સુવડાવવામાં આવે છે. છઠ્ઠીના દિવસે વિધાતા બાળકના લેખ લખવા આવે છે એવી માન્યતા સાથે છઠ્ઠીના દિવસે ખાટલી પાસે પોથી - પેન અને દિવો રાખવામાં આવે છે. થોડા સમય પહેલાં સમાજમાં જન્મેલા બાળકને ગળસુથી આપવામાં આવતી પરંતુ હવે એ રીવાજ બંધ છે.

## લગ્ન સબંધિત વિધીઓ





આહિર સમાજમાં રાત્રે જ સગાઈ કરવાનો રિવાજ હતો. લગ્ન બાબતે ઘરના માતાપિતા જ નિર્ણય લેતા હોય છે જે બાળકો માન્ય રાખે છે. લગ્ન સબંધોમાં એવા વ્યકિત મધ્યસ્થી કરે છે વર અને કન્યા બંન્નેના પરિવારોને સારી રીતે ઓળખતા હોય છે. લગ્ન નકકી કરવામાં સમાજનો અલગ રીવાજ છે. જેમાં દીકરાના ઘરવાળા કન્યાના ઘરે લગ્નનું નકકી કરવા જાય ત્યારે વેવાઈ જો શીરો ખવડાવે તો સમજવું કે લગ્ન કરશે અને જો ઘી - ગોળ ખવડાવે તો લગ્ન નહી કરે તેમ દીકરાના ઘરવાળા સમજે છે. ભગવાન શ્રીકૃષ્ણના વખતથી પ્રાથળીયા આહિર સમાજમાં વર્ષમાં એક દિવસે વૈશાખ વદ તેરસના લગ્ન યોજાય છે.

જેના કારણે સમાજમાં એક કહેવત પણ છે કે **"પેણુ ગા ઈ પેણુગા, રઉ ગા ઈ રઉ ગા."** લગ્ન સમયે ઘરમાં ગણેશ બેસાડે છે અને ગણેશ બેસે ત્યારથી દેશી ઢોલ ના તાલે રાશ રમવાની પરંપરા આજે પણ છે. ત્યારે આખો પરિવાર એકત્ર થાય છે. વર કે કન્યા ગણેશ સ્થાપન થઈ ગયા પછી ખાટલા પર ન બેસી શકે, ન્હાઈ ન શકે, નદી પાર ન કરી શકે જેવા રિવાજો હતા જેમાં હવે ધીરે ધીરે બદલાવો આવ્યા છે. મામેરાંની વિધિમાં મામા યથાશકિત મામેરૂ કરે છે. લગ્નમાં પહેલાં દીકરીને પાંચ પટ્ટાવાળી સાચી મડ, રામરામી અને ૧૮૦૦ રૂપિયા આપવામાં આવતા. પણ હવે દીકરીને સ્વતંત્રતા આપવામાં આવી છે અને તે ઈચ્છે એ વસ્તુ સાસરે લઈ જઈ શકે છે. છોકરી લગ્ન સમયે કાંચરી, ઘાઘરો અને ચુંદડી ઓઢે છે. મોટી ઉંમરની બહેનો જે ઘાઘરા પહેરે તેને પેણો પણ કહે છે. પહેલાં ના રિવાજ મુજબ જાન ૩ દિવસ રોકાતી હતી. દીકરીવાળા ૩ દિવસ માં સાત ટક જમણવાર કરતા, પણ હવે લગ્ન એક જ દિવસના કરવામાં આવે છે અને એક ટકનો જમણવાર હોય છે. લગ્નની વિધિ અન્ય સમાજોની જેમ સમાજના જ ગોર કરાવે છે અને લગ્ન બાદ પોતાના કૂળદેવી સામે દંપતિના છેડાછેડી છોડવામાં આવે છે.

## બાળલગ્ન



સમાજમાં બાળલગ્નની પ્રથા વર્તમાન સમયમાં નથી. દીકરીની ૧૮ અને દીકરાની ૨૧ વર્ષની ઉંમર થાય એટલે કે બંન્ને ઉંમર લાયક થાય એટલે લગ્ન માટેની પ્રક્રિયા કરવામાં આવે છે. યોગ્ય વર અને કન્યા મળે એટલે વડીલો નક્કી કરી અને લગ્ન કરાવે છે. સમાજમાં સાટા પ્રથા છે એ હવે ધીરે ધીરે ઓછી જતી જાય છે, જે સમાજ માટે સારું છે.

## મૃત્યુ સંબંધિત વિધિઓ

સમાજમાં વ્યકિતનું મરણ થાય ત્યારે મોઢામાં તુલસીના પાન રાખે, કપાળે ચંદનનો લેપ લગાવે, ઘરનું પાણી આપી કપડાં બદલવામાં આવે અને ત્યારબાદ અગ્નિ સંસ્કાર માટે સ્મશાને લઈ જવામાં આવે. ત્રકટી બાંધતી વખતે તેમા ઘઉના લોટના પિંડ અને તાંસળી રાખવામાં આવે છે. અગ્નિ સંસ્કાર ના ત્રીજા દિવસે મૃતકનું બેસણું રાખવામાં આવે. તેમજ ૧૨ માં દિવસે ૧૨ મું કરે છે, જેમાં લાડુ, દાળભાત અને સેવનો જમણવાર કરવામાં આવે છે. પહેલાં ઉઠમણાંના દિવસે પણ જમાડવામાં આવતા. જે સ્ત્રીના પતિનું મૃત્યુ થાય તો તેના ઘરેણા બદલે અને પહેરવેશ પણ બદલવામાં આવે છે. સમાજમાં મૃતકના અસ્થિકુલ સોમનાથ ખાતે તરાઇ આવ્યા પછી પરિવારને જમાડવાનો રિવાજ પણ છે. વિધિમાં ગયેલા લોકોને કુલ્ડીમાં સોના ચાંદીની વસ્તુ નાખી તેની છાંટ આપી શુદ્ધ કરવામાં આવે છે.

## સામાજીક પ્રથાઓ

કરાર, કબુલાત, બોલી આજ પણ મૌખિકમાં થાય છે. ઝઘડાની પતાવટ સમાજમાં પ્રશ્ન જાય છે અને પંચ બેસીને સમાધાન કરે છે. લેખિત કરાર થતા નથી. સમાજના પંચો સામાજીક રીત - રીવાજોનું ઘડતર કરે છે. ધારા - ધોરણો ઠરાવો કરે છે અને એ ધારા - ધોરણો પર સમાજ કાયમ રહે છે. સ્ત્રી કે પુરૂષના ઝઘડામાં પંચો પતાવટ કરતા હોય છે અને જટીલ પ્રશ્નો માટે કાનુનનો સહારો પણ લે છે. અન્ય સમાજો સાથેના સબંધો સારી રીતે જાળવે છે અને કોઈ પ્રકારના ખટરાગ નથી રાખતા. દરેક ગામમાં એક પટેલની પ્રથા

## સામાજીક માન્યતાઓ



સમાજમાં વિવિધ માન્યતાઓ અને અંધશ્રદ્ધાનું પ્રમાણ પહેલાંના લોકોમાં જોવા મળતું, અને આજે પણ અમુક અંશે જોવા મળે છે. ભૂત વડગાળમાં માનવું, પશુપંખીની બાબતે શુકન અપશુકનમાં માનવું, ભુવાપ્રથા, માનતા જેવી માન્યતાઓ આહિર સમાજમાં પ્રવર્તેલી હતી. પહેલાં કોઈપણ વ્યકિતને શું થયું છે કે કોઈનો પ્રકોપથી કાંઇ થયું છે એવું માનવામાં આવતું. પોતાની માનતા પુરી થાય તો માતાજીના સ્થાનકે પગે ચાલીને જવું એવી કપરી માનતાઓ માનવામાં આવતી. ધીરે ધીરે સમાજની નવી પેઢી માન્યતાઓ અને અંધશ્રદ્ધાથી દૂર થઇ રહી છે પરંતુ આજે પણ શાખ પ્રમાણે કુળદેવીની પદયાત્રા કરવામાં આવે છે. તેમજ અન્ય દેવી - દેવતાઓની માનતાઓ રાખવામાં આવે છે.

## જ્ઞાતિ અગ્રણીના શબ્દો

ધાર્મિક, પૌરાણિક અને સામાજીક ઉન્નતિ અંગેની આહિર સમાજની પુસ્તિકા બનાવવા જઈ રહ્યા છીએ ત્યારે આહિર સમાજ વિશે થોડી વાત કરીએ. આર્ય કાળથી પ્રાચીન અને દિવ્ય સંસ્કૃતિથી સુસંગત યદુકુળનો ઈતિહાસ ઉજ્જવળ અને મહાન છે જેની શાસ્ત્રમાં પણ નોંધ લેવાઈ છે. આ સમાજે ભગવાનશ્રી કૃષ્ણથી માંડીને અનેક દિવ્ય આત્માઓની ભેટ જગતને આપી છે ધર્મ, રાષ્ટ્ર અને સમાજ માટે ન્યોંછાવરતા સુરવિરતાના સાક્ષીરૂપ અનેક ખાંભી - પાળીયાઓની સાથે ગ્રંથો, કવિ, લેખકો અને લૌક હૈયાની જુબાન ઉપર અનેક ગૌરવગાથાઓ વણાયેલી છે. સંવેદના, ધાર્મિકતા, સહિષ્ણુતાના ગુણો સાથે આશ્રીત માટે બલીદાન માટે આહિરનો આસરો લોકહીત માટે પ્રચલીત છે. આજના ભૌતિક યુગના કારણે વર્તમાન પેઢીમાં કુસંસ્કાર પ્રવેશ ના કરે તે માટે હંમેશા સમાજના મોવડીઓએ આગળ આવવું પડતું હોય છે જેમાં શિક્ષણ હોય, સમાજ નવરચના હોય, કુરીવાજોને જાકારો આપવો હોય, કે પછી દીકરીઓના ભવિષ્યને લઈ તેના શિક્ષણની ચિંતા વાત હોય સમાજના મોભીઓએ તેની સતત ચિંતા કરવાની જવાબદારી હોય છે. તેના ભાગ સ્વરૂપે આજ પાંચ ગામ આહિર સમાજના પ્રથમ પ્રમુખ તરીકે પાંચ ગામ આહિર સમાજની ડાયરી ભવિષ્યને એક રાહ ચીંધશે તથા સમાજને નેક લક્ષ સાથે આગળ વધવાનું પણ માર્ગ બનશે તેનો મને પૂરો વિશ્વાસ છે.

## જાણીતા કલાકાર સામજીભાઈ સવાભાઈ ચાવડા

**સામજીભાઈ સવાભાઈ ચાવડા (છોટે શીવજી) :** છેલ્લા કેટલાક વર્ષોથી અનેક વખત આ ગામના લોકો સાથે અનેક સાંસ્કૃતિક સંદર્ભે કે અન્ય પ્રસંગોપાત મળવાનું થતું રહ્યું છે. જેમાં બંધડી ગામમાં વરસોથી બે નવરાત્રી ઉજવવાની પરંપરા હતી. ચૈત્રમાસ અને આસો માસની નવરાત્રીમાં કોઈ જ ફરક ન હોય. આસો માસની જેમ જ ચૈત્રમાસમાં પણ ગામના ચોકમાં ગરબાની રમઝટ લેવાતી હોય. આ ગરબાની રમઝટમાં ગામનાં જ કલાકારો અને ગામના જ ખેલૈયાઓ આવા અનેક કાર્યક્રમમાંથી પોતાની કલાને લોકો સુધી પહોંચાડી પોતાની કૌશલ્યને પ્રસ્તાપિત કરનાર એટલે બાળકલાકારથી નવ વરસી વયે ભજન અને પછી લોક સંગીતમાં કાઠું કાઢનાર સદા હસમુખો સ્વભાવ ધરાવનાર સામજીભાઈ સવાભાઈ ચાવડા (છોટ શીવજી) આજે અનેક સ્ટેજ પ્રોગ્રામો ગજાવીને બંધડી ગામ અને આહિર સમાજનું નામ રોશન કર્યું છે. સામજીભાઈની બહેનનો પરિવાર કે જેને માતા પિતાનો સહવાસ ન મળ્યો. પરંતુ સામજીભાઈના કાકા અણંદાભાઈ દ્વારા તેમનું પાલન પોષણ થયું. ગામની ભજન મંડળીમાં ધાર્મિક પ્રસંગોએ ભજન ગાતા ગાતા આગળ વધીને આજે એક લોક ગાયક તરીકે સ્થાપિત થયા છે. ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ પુરો કરી ગાયકને જ પોતાનો સર્વસ્વ સમજી આગળ વધી રહેલા ૩૦ વર્ષીય યુવા કલાકાર કહે છે કે ભજનના કાર્યક્રમોમાં અનેક નાના મોટા પ્રોગ્રામોમાં સારા નરસા અનુભવો થયા. કલાકારોમાં લક્ષ્મણ બારોટ અને પ્રાણલાલ વ્યાસ તરફથી ગાયનમાં પ્રેરણા મળી, બાળપણમાં જ પ્રિય ભજન ‘‘છોટે છોટે શીવજી’’ ગાવાનું ગમતું, ગાયું અને લોકોએ સ્વીકાર કર્યો



તેથી (છોટે શીવજી) ઉપનામ મળ્યું અને ગુજરાતના અનેક ખ્યાતનામ કલાકારો સાથે ગાવાનું સ્ટેજ પ્રોગ્રામ કરવાનો મોકો મળ્યો. કચ્છ ગુજરાત અને ગુજરાત બહાર પણ સામજીભાઇ સ્ટેજ ગજાવતા રહ્યા છે. સમય બદલાતા ભજનની સાથે સાથે જાણીતા લોકગાયક રમેશ પરમારમાંથી પ્રેરણા મેળવી લોક સંગીતમાં પણ સ્વર અજમાવ્યો. હવે તો દાંડીયારાસમાં કાર્યક્રમો આપીને યુવા વર્ગની વાહવાહ મેળવતા. એક સાથે એકધારા ૮૪ પ્રોગ્રામ કર્યાનો પોતાનો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા હોવાનો રાજીપો સામજીભાઇએ વ્યકત કર્યો.

મેરીયા પ્રાકૃતિક ઉદ્યાનમાં વૃક્ષના છાંયડે બેસીને હસમુખો સ્વભાવ ધરાવતા સામજીભાઇ પોતાના શોખની વાત કરતા કહે છે કે વાંચન ખૂબ ગમે છે. ભજનોમાં કાનદાસ બાપુ અને નારાયણ સ્વામીના ભજનો વધુ ગમે છે. લોકો પ્રોગ્રામો નકકી કરવામાં આવે ત્યારે ધાર્મિક કાર્યક્રમ કે જીવદયાના લાભ જો હોય તો ફી નકકી નથી કરતા. સામજીભાઇ માટે મોટા પ્રોગ્રામોમાં મોટી રકમ ફી માટે બોલાતી હોય છે. પોતાની કારકીર્દીમાં ભચાઉના કાર્યક્રમમાંથી સૌ પ્રથમ ૧૫૦ રૂપિયાની ફી થી પ્રથમ શરૂઆત થઇ હતી ! સામજીભાઇ અને તેમના કલાકાર પત્નિ કંકુબેન બન્ને એકી સાથે કહે છે કે, કલાકારોમાં નાત જાત નહી પરંતુ માનવજાતને અમો જાણીયે છીએ અને અનેક કાર્યક્રમોમાં દેશભકિતના ગીતો ગાઇએ ત્યારે આ અનુભુતિ થાય છે તો આપણા લોકકવિઓ અને સંતોની વાણીમાં કયાંય નાત જાતના ભેદ જોયા નથી. કંકુબેન પણ અનેક સ્ટેજ પ્રોગ્રામો કરી ચુકયાં છે. દુરદર્શનની ડી. ડી. ગીરનાર ચેનલ પર પણ કાર્યક્રમ આપી ચુકયાં છે. આમ બંધડી ગામનું આ યુગલ નેશન ફસ્ટની વાત સ્વીકારે છે. સંગીતની દુનિયા અને સેવાના ક્ષેત્રને સાર્થક કરવાની વાત કરતા સામજીભાઇ અને કંકુબેન આહિરોના આ પાંચ ગામનું ગૌરવ વધાર્યું છે એમ કહેતા જરાય અતિશયોકિત નહી કહેવાય.

## પ્રાચિન સંસ્કૃતિને સાચવવા મથતું માચ (માધવપુર) ગામ

ભચાઉ તાલુકામાં માચ (માધવપુર) ગામમાં વસતી આહિર જ્ઞાતિમાં આજેય નવરાત્રીની પરંપરાગત રીતે જ ઉજવણી થાય છે. ત્યાં આજે પણ ડી.જે. કે ફિલ્મી ગીતોની હવા પણ પહોંચી નથી. જુના પ્રાચીન ગરબાઓ ગીત અને રાસની સાચી મોજ માણવી હોય તો માધવપુર જવું પડે. ગામના જ કલાકારો અને ગામના સાજિંદાઓ દ્વારા પરંપરાગત રાસ ગરબાઓની રમઝટ લેવાય ત્યારે જોનાર પણ થનગની ઉઠે !

ચોકની વચ્ચે ગરબી પર મુકાયેલ ગરબાની જયોત પાસે જ ઉભેલા ગામના ગાયકો અને ચારો તરફ ચોકની આસપાસ ગલીઓ અને શેરીઓમાંથી રમવા માટે થનગનતા યુવક - યુવતિઓ, નાના બાળકો અને આધેડો સૌ કોઈની અલગ અલગ જુની પરંપરાગત પરિધાન કરેલા વસ્ત્રોમાં શોભતા સૌ કોઈ ગ્રામજનો અનેરો ઉત્સાહ નવે નવ દિવસ સુધી ઓસરે નહિ. માતાજીની આરતીથી માંડીને રાસમાં ગવાતા ગરબા કે ગીતમાં સમાજને શીખામણ આપતા શબ્દો ગોઠવાયેલા હોય, કયાંક ટકોર પણ હોય ! દેશ વિદેશના પ્રવાસીઓ પણ અહી પહોંચીને રાસની રમઝટ માણે છે. પ્રવાસનનો આ પણ એક અનોખો પ્રકાર ગણાવી શકાય. આહિરોની પરંપરાગત લોકરાસની સંસ્કૃતિના અહી દર્શન થાય છે. પુરૂષોની રમતોમાં દાંડીયારાસ, ડોકો અને બેહણીયું વગેરે રંગ જમાવે છે. જેમ ઢોલ ની થાપ પડેની એક સાથે બેસી જવું, સુઇ જવુંને પાછા ઝડપભેર ઉભા થઈને ક્ષણભર રાસમાં જોડાઈ જવું આ બધુ તાલ બધ્ધ રીતે થાય. ઢોલના તાલે ગવાતા વિવિધ પ્રકારના રાસમાં જોવા મળતી બહેનો માથા ઉપર પીતળના બેડાં મુકી મુકીને રાસમાં એક રસવતીને હાથ તાળી કે પગની ઠેક સાથે રાસમાં ઓળઘોળ બની જાય.


પરંપરાગત રાસની રમતોને જાળવવા ગામના કાનાભાઈ ચાવડા, સવાભાઈ, ભચાભાઈ અને અન્ય આગેવાનો બહેનો સૌ આયોજન કરે છે. ગામનાં જ સરળ સ્વભાવી આગેવાન હીરાભાઈ પચાણભાઈ માતા જે ભચાઉ તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચુકયા છે તેઓ પણ પરંપરાને જાળવવા સૌ એક સાથે સુર પુરાવે છે. પ્રાચીન સંસ્કૃતિને વરેલા આ ગામની નવરાત્રીની વાત સાંભળતાં અમદાવાદ દુરદર્શનના પ્રોગ્રામ હેડ રૂપાબહેન મહેતા ખુબ જ પ્રભાવિત થયા. જેમણે માધવપુર ગામની નવરાત્રીને દેશ દુનિયાના અનેક દેશો સુધી જીવંત પ્રસારણ બતાવીને અહીની પરંપરાગત નવરાત્રીની પ્રસંશા કરી.

આમ જયાં જયાં પ્રાચિન સભ્યતાને જાળવવાનો પ્રયાસ થાય છે ત્યાંની આવી પરંપરાઓથી દેશ દુનિયા પ્રભાવિત થાય છે. આમ માધવપુરા પોતાની પરંપરાને જાળવવા માટે મથામણ કરે છે. જે અન્ય ગામોને માટે પણ ઉદાહરણ રૂપ બનીને પ્રેરણા આપે છે.



## અડીખમ આહિર વીર દેવાયત બોદર અને સોનબાઈ માં

''આલીદરે ઉગા તણા પીરસ્યા ન હોત પ્રાણ, તો જુનાણે ન થાય જમણ
ભડ આહિરની ભીખલા, નિશાન નવઘણનું ભુમિમાં ભુંસાઈ જાત''



વીર આહિર દેવાયત બોદર એટલે સોરઠનો સિંહ, સોરઠની ધરતીનો ધબકારો ! દેવાયત બોદર માત્ર આલીદર - બીડીદર ગામના જ નહિ પણ સમગ્ર આહિર નાતના આગેવાન હતા. દેવાયત બોદરની દિલદારી કિર્તી સમગ્ર સોરઠમાં ફેલાયેલી હતી. જુનાગઢના રાજા રા'' ડીયાસ પર જયારે આફતના વાદળો ઘેરાયા ત્યારે જુનાગઢના વારસદારને આહિરના આંગણે આશરો મળ્યો. જુનાગઢની ગાદીના કુળદીપકને આહિરાણીએ પોતાના ધાવણ ધવરાવી ઉછેર કર્યો. સોરઠની ધીંગી ધરા પર રા'' નવઘણ, ઉગો અને બેન જાહલ ગીરના જંગલમાં સિંહબાળ સાથે સિંહના દાંત ગણવાની રમતો રમતા.

એવામાં દુશ્મનોને આહિરના આંગણે જુનાગઢનો રાજકુંવર ઉછરી રહ્યો છે તે વાતની ગંધ આવતાં જુનાગઢનું સૈન્ય આલીદર - બોડીદર ગામના ઝાંપે દાખલ થયું. વીર આહિર દેવાયત બોદરને દુશ્મનોના ઉતારે બોલાવવામાં આવ્યા. વીર આહિર દેવાયત બોદરને કહેવામાં આવ્યું કે, તમારા આંગણે જુનાગઢના રાજકુંવરનો ઉછેર થઈ રહ્યો છે. તે વાત સાચી ? સત્યધર્મનું પાલન કરતા દેવાયત બોદરે કહ્યું ; હા તમે જે સાંભળ્યું તે સાચું જ છે ! રાજના હુકમથી રાજકુંવરની જેમ તૈયાર કરી આવેલા માણસો સાથે મોકલ્યો. આ વીર દેવાયત બોદરની જનેતાને કોઈક કહી આવ્યું કે માં તમે જાવ વીર દેવાયત બોદર માની જાય.

ત્યારે પુત્ર વીર દેવાયત બોદરના શરીરમાંથી નીકળતા લોહીમાં આંગળી બોળી નાકે હાથ દઈ બાલ્યા કે **“ આ લોહીમાં મારા ધાવણની સુગંધ આવે છે”** મારો દેવાયત મોત પસંદ કરશે પણ આશરો ધર્મ નહી છોડે. ત્યારપછી રાજે એવું નકકી કર્યુ કે વીર દેવાયત બોદરની પત્ની સોનલબાઈ અને પુત્રી જાહલને બોલાવો. અને એવું કહેવામાં આવ્યું કે જાહલ દુઃખણા લે, સોનબાઇ માથું પોતાના ખોળામાં ઝીલે અને દેવાયત માથું વાઢી આપે અને ત્રણેયની આંખમાં આંસુંના આવે તો આ નવઘણ ખરો. સમ રાજના હુકમથી વીર દેવાયત બોદરે પોતાના સગા દીકરાનું માથું વાઢી નાખ્યું. ત્યારપછી આહિર કુળની પરીક્ષા લેવા રાજદરબારના માણસોને કહ્યું કે, આ નવઘણ હોય તો આહિરાણીને કહો કે આની આંખો કાઢી અને માથે પગ મુકી ચાલી જાય અને આંખમાં આંસુ ન આવે તો સમજવું કે આ નવઘણ છે. આહિરાણીએ દિવાળીના તહેવારમાં જેમ ગોખલામાં કોડીયા દીવા મુકયા હોય એને ઓલવાઇ જાય પછી જેમ કોઇ કોડીયા લઈ લે તેમ સોનલબાઈ આંખો કાઢી કુંભાર જેમ ગારો છુંદે તેમ ચપ - ચપ ચાલી નીકળી ગઈ. દુશ્મનોએ જોયું તો અંદર આંસુની વાત તો દુર રહી પણ આહિરાણીએ રૂવાડું પણ હાલવા નહોતું દીધું અને સાબિત કરી આપ્યું કે આ અમારો દીકરો ઉગો નથી પણ નવઘણ છે. આ રીતે બોડદર ગામના આહિર સુપત દેવાયતબાપા બોદર કે જેમણે પોતાના આશરે આવેલ જુનાગઢ ના રાજકુમાર રા નવઘણ રક્ષા માટે પોતાના સગા દીકરા ઉગાનું બલીદાન આપી દીધું. એવા જ અડીખમ ત્યાગમૂર્તિ આહિરાણી સવધીમાં (સોનબાઈમાં) કે જે બાજુનાં જ વિઠલપર ગામના ભેડા આહિરના દીકરી અને દેવાયત બોદરના ધર્મ પત્ની ! આશરા ધર્મની પરીક્ષા આહિરના શબ્દોના સંકેત ઓળખી આશ્રિત નવઘણના બદલે પોતાના સગા દીકરાને કશા પણ અચકાટ વગર તૈયાર કરી બલીદાન આપવા મોકલી દિધો !

**દેશ માટે, રાજ માટે કોણ આપે ધ્યાન રે,**
**પરકાજ માટે કોણ નીજ બાળનું બલિદાન.**
**આશરા ધર્મ ખાતર નિજ રાજવી વંશ માટે વંશ આપ્યો નીજતણો.**
**એ ધન્ય બલિદાન અને એક આહિરાણીનું સમર્પણ ઈતિહાસને પાને સુવર્ણ**
**અક્ષરોએ લખાયેલું છે. ‘‘આશરો તો આહિરનો’’ !**

## શ્રી રામ ગાગીયા - મસરી ગોજીયા

જામ સાહેબ સાથે વટે ભરાયેલા ચારણ કવીએ આવીને માથાનું દાન માંગતા માથાનું દાન સહર્ષ આપવાની તૈયારી બતાવનાર વિંઝલપર (ખંભાળીયા) ના આહિર રામબાપુ ગાગીયા આહિર સમાજ માટે ગૌરવપ્રદ વ્યકિત વિશેષ હતા. મળતી વિગતો અનુસાર તેમની ઘરે મહેમાન બનીને આવેલા કોઠા વિસોત્રી (ખંભાળીયા) ના આહિર મસરીબાપુ ગોજીયા પણ માથાનું દાન આપવા જામનગર પધાર્યા હતા.

## માતૃશ્રી રામબાઈ માં

બોડાદર ગામના જશા ચાવડા અને રાજબાઈની કૂખે જન્મેલ રામબાઈ માં ઈ.સ. ૧૭૯૪ ના દુષ્કાળમાં દુષ્કાળીયા બાળકો માટે સંસાર છોડી (દુષ્કાળીયાની માં) બન્યા. વવાણીયા ગામે રામ મંદિરમાં વસી દુષ્કાળિયા તથા રકતપિતીઓની સેવા કરી. શ્રીમદ રાજચંદ્ર (જે ગાંધીજીના પણ ગુરૂ હતા) એ રામબાઈ માં ને ગુરૂ માનીને સંસાર છોડયો હતો. આવા મહાન માતૃશ્રી રામબાઈમાં ૮૨ વર્ષથી વયે ઈ.સ. ૧૮૭૬માં સ્વર્ગવાસી થયા.

## શ્રી નોડા ડાંગર

દિલ્હીની બજારમાં કસાઈઓના હાથેથી ગાયો છોડાવનારા વ્યકિત વિશેષ નોડા ડાંગર તેમની બહાદુરી માટે પ્રખ્યાત હતા. જીવતા સિંહના પિંજરામાં સિંહના ચારા તરીકે ગાયોને બદલે પોતાની જાત ઘરી સિંહને બહાદુરી પૂર્વક મારી નાખનાર વીર આહિર નોડા ડાંગરને વંદન.

## શ્રી ભોજા મકવાણા

પોતાના આશરે આવેલ જામ રણમલજીના રાણી અને કુંવરની રક્ષા માટે પોતાના શરીરને શારડીએ વિંધાવાની પીડા સહન કરી આશરા ઘર્મનું રક્ષણ કરનાર વીર ભોજા મકવાણાને વંદન.

## દાનવીર ખીમા બકુત્રા

દાનવીર ખીમા બકુત્રા તેમની દાનવીરતાને કારણે આજે પણ યાદ કરાય છે. જેમણે મહાન રાણા પ્રતાપને ખરાબ સમયમાં આર્થિક કરતા ભેટ મળેલ સોનાનું આભરણ જે એ સમયે રાજાઓને પણ દુર્લભ હતું. એવું આભરણ વર્ષો બાદ આંગણે આવીને માંગનાર ઈશરદાનજી બારોટને હસતા મોઢે દાનમાં આપી દીધું હતું. નાની બરાર (મોરબી) ના દાનવીર આહિર ખીમા બકુત્રાને વંદન.

## શ્રી મંગલનાથ બાપુ

કલ્યાણપુર તાલુકાના સતાપર ગામના આહિર સુમાત ગોજીયા સંસાર છોડી સંત બન્યા. ભવનાથ જુનાગઢમાં આશ્રમ સ્થાયી આહિર સમાજને વાડભેદ ભુલાવી શૈક્ષણિક - સામાજીક અને રાજકીય ક્ષેત્રે નવી દિશાને પ્રસ્થાન કરાવ્યું. જેના સામાજીક - રાજકીય સુધારાઓના દુરદેશીતાથી પ્રભાવીત થઇ ભારતના વડાપ્રધાન ઈન્દિરાજી પણ મળવા આવેલ. મંગલનાથ બાપુને પ્રણામ.

## શ્રી ડગાચયો ડાંગર

દ્વારકાધીશ અને શિવના મહાન ભકત, ભુવડના મિત્ર જેણે સવારે નહાતી વેળાએ ચારણી પાંચ પછેડીના દાનની પરીક્ષા ઈશ્વરકૃપાએ પુરી કરી. ગૌ-રક્ષાના યુધ્ધમાં લડતા વીરગતી સમયે ભુવડને આપેલ વચન પાળવા પોયાના હાથના કાંડા કાપી મોકલાવેલ જે કપાયેલ હાથે મંદિરની ઇઢુ (મીડુ) ચડાવેલ.

## શ્રી વ્રજવાણી - ધામ

જેનો રાસ પ્રખ્યાત છે એવુ રાપર કચ્છમાં આવેલ વ્રજવાણી ધામ, જયાં સાત વીસુ (એકસોને ચાલીસ) આહિરાણીઓ રાસ રમાડનાર ઢોલી સાથે સતીઓ થઇ છે. જયાં હાલ આ ઈતિહાસને વર્ણવતું ભવ્ય મંદિર નિર્માણ પામેલ છે. જેમાં તમામના નામ, અટક, મોસાળ વગેરે ઐતિહાસિક બાબતો પણ સચવાયેલ છે.





## શ્રી વેજીબેન આહિર

આહિર પુરુષનો ગેરહાજરીની જાણ થતાં લોઢવા ગામ ભાંગવા આવેલા બહારવાટીયા મુળુ માણેકની ફોજ સામે લડવા ઢાલ તલવાર લઈ પુરુષવેશ ધારણ કરી બહારવટીયાઓને ભગાડનાર મહાન આહિર વેજીબેનને વંદન.

## શ્રી ભીમો ગરણીયો

ગા - ગોંદરવા જમીન માટે વટે ભરાયેલ અભિમાની પાલીતાણાના રાજવીને ભરદરબારમાં મોતની બીક લગાડી સાતપડેથી ભગાવ્યા હતા. ત્યારબાદ પાલીતાણા - રાજના સાળાએ બદલો લેવા ગામનું ધણ લુંટતા બસોની ફોજ વચ્ચેથી એકલા હાથે દુશ્મનને બહાર કાઢી પોતાની સાંગથી પાઘડી લઈ મોતની બીક દેખાડી જીવત દાન આપનાર આહિર શ્રી વીર ભીમા ગરણીયાને વંદન.

## આહિર સમાજના રત્ન ડો. લક્ષ્મી (કોર્નિયા સ્પેશ્યાલીસ્ટ)



આહિર સમાજના વિશિષ્ટ વ્યકિતઓની વાત થાય ત્યારે ગૌરવ સાથે જેમનું નામ લેવાનું મન થાય એવાં ડો. લક્ષ્મીબેન છાંગા સમાજની રત્ન કણિકાઓમાં સ્થાન ધરાવતી વ્યકિત છે. ભુજ ની પટેલ આઇ કેર હોસ્પિટલમાં કોર્નિયા સ્પેશ્યાલીસ્ટ તરીકે ફરજ બજાવતાં યુવા તબીબ ડો. લક્ષ્મીબેન સાથે થયેલો સાક્ષાત્કાર આ પુસ્તક માધ્યમે મુકી રહ્યા છીએ.

સામાન્ય રીતે આહિર સમાજમાં શિક્ષણનું ખાસ મહાત્મય આપવામાં નથી આવ્યું અને જયારે વાત કન્યા શિક્ષણની હોય ત્યારે અનેક એવા સમાજો છે જેમાં દીકરી ઘરકામમાં પારંગત બની પોતાના સાસરે સુખી થાય એવો ભાવ ધરાવતા હોય છે. અલબત્ત, આજે અનેક રૂઢિ ચુસ્ત સમાજો પણ કન્યા કેળવણીને મહત્વ આપતા થયા છે. મૂળ કકરવા ગામના અને પોતાના પરિવાર સાથે લાંબો સમય મુંબઈ ખાતે રહેલાં ડો. લક્ષ્મીબેન આહિર સમાજના એવા પરિવારમાંથી આવે છે જેમને પિયર અને સાસરા બંન્ને તરફથી પુરતું પ્રોત્સાહન સાંપડયું અને આજે કચ્છના પ્રથમ કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટેશન સર્જન તરીકે સેવા આપી રહ્યા છે.

સમાજના રીત રીવાજો માન આપી લક્ષ્મીબહેને માત્ર ૯મું ધોરણ પાસ કર્યું ત્યાં તો તેમના માતાપિતાએ તેમના સગપણ કર્યા. ૧૦ મું ધોરણ પાસ કરી લે એટલે દીકરીને સાસરે વળાવવાનો નિર્ધાર હતો લક્ષ્મીબેનના માતાપિતાનો ! શાળાના શિક્ષકોએ હમેંશા દરેક ધોરણમાં પ્રથમ આવતી લક્ષ્મીને આગળ ભણાવવા માટે તેના વાલીને અનુરોધ કરાયો.

અને આ દીકરીના ભાગ્યમાં ઘર ગૃહસ્થી સાથે આરોગ્ય સેવાનું પુણ્ય લખ્યું હોય તેમ સમાજ તરફથી દીકરીના લગ્ન કરી દેવા જ જોઇએ એવાં મનોવલણ વચ્ચે લક્ષ્મીના પિતાએ દીકરીની ઇચ્છા પુછી ! લક્ષ્મીએ કહ્યુ, ‘‘બાપુજી મારે તો ભણીગણીને ડોકટર બનવું છે ! ’’ દીકરીના આ સ્વપ્નને માતા-પિતા શોભનાબેન અને ધનજીભાઇ ભચુભાઇ ચાવડાના ‘તથાસ્તુ’ ના આશીર્વાદ મળ્યા ! લગ્ન પહેલાં ડો. લક્ષ્મીએ મુંબઇ ખાતે રાજીવ ગાંધી મેડીકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. ની પદવી પ્રાપ્ત કરી. કચ્છના નેર ગામમાં પરણીને સાસરે આવેલી પુત્રવધુના ઓરતા પુરા કરતા લગ્ન પછી લક્ષ્મીએ રાજકોટના પંડિત દિનદિયાલ મેડીકલ કોલેજમાંથી એમ. એસ. (ઓપ્થેલ્મોલોજી) ની ડિગ્રી મેળવી ! એટલું જ નહિં, વડોદરા ખાતે ‘કોર્નિયા ફેલોશીપ’ પણ પુર્ણ કરી અને પોતાનું એક સફળ તબીબ બનવાનું સ્વપ્ન સાકાર કર્યું !

ડો. લક્ષ્મી તેમના પરિવારમાં સૌથી મોટી દીકરી છે તેમને ૪ ભાઇબહેન પણ છે. ઘરની મોટી દીકરી શિક્ષણના જે માર્ગે ચાલી એ જ માર્ગે તેમના ભાંડરૂ પણ ચાલ્યા ! હા, આજે તેમની બે બહેનો નામાંકિત બેંકમાં જોબ કરે છે તેમજ તેમના ભાઇ પણ ઇન્જીનીયર બની પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે. સમગ્ર આહિર સમાજ માટે ઉદાહરણ સ્વરૂપ છે ડો. લક્ષ્મીનો આ શિક્ષિત પરિવાર ! આજે ૩ વર્ષના ટચુકડા દીકરાની જવાબદારી સાથે પટેલ આઇ કેર અને જી. કે. જનરલ હોસ્પિટલમાં કોર્નિયા સ્પેશ્યાલીસ્ટ તરીકે સેવા બજાવવા સાથે ચક્ષુદાન સમયે ચક્ષુ સ્વીકારવાની પ્રક્રિયામાં જોડાયેલા છે. ડો. લક્ષ્મી કહે છે કે ઘરસંસાર જીવનનો ભાગ છે પણ શિક્ષણ જીવનનું ઘડતર કરે છે તેથી મારા માતાપિતાની જેમ દરેક પરિવારે દીકરીને એકવાર તેના સ્વપ્ન વિશે પૂછી, એ પારકી થાય એ પહેલાં ‘‘તથાસ્તુ’’ ના આશીર્વાદ આપી અદકેરૂં કન્યાદાન કરવું જ જોઇએ !

## કન્યા કેળવણી અને બાળલગ્ન માટે સમાજ તેમજ ગ્રામ પંચાયતોને જાગૃતિ આહિરનો સંદેશ

કન્યા કેળવણી એટલે કન્યાઓને શિક્ષણ, રમતગમત તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવો. ખાસ કરીને આજના યુગમાં કન્યા કેળવણી ખુબ જ જરૂરી છે. જો છોકરીઓ ભણશે તો એ આગળની પેઢીને શિક્ષિત કરી શકશે. છોકરી ભણીને નોકરી લે એ જરૂરી નથી, પરંતુ ભણીને એ શિક્ષિત અને સમજદાર થઇ શકે છે અને કુટુંબની જવાબદારી લઇ શકે છે. ભારત એ પુરૂષપ્રધાન દેશ છે. માટે સ્ત્રીઓને ઓછું માન આપવામાં આવે છે. અને દહેજ પ્રથાનું દુષણ વધી રહ્યું છે. માટે જ કન્યાઓને પ્રગતિના પંથે લઇ જવી જોઇએ. આપણા દેશમાં અત્યારે છોકરીઓ કરતા છોકરાઓની સંખ્યા વધુ છે માટે વર્તમાન સમયમાં છોકરીના માતા-પિતાએ નહિ પરંતુ છોકરાના માતા-પિતાએ દહેજની જગ્યાએ પૈસા આપવા પડશે. પરંતુ ધીરે - ધીરે આપણા સમાજમાં કન્યા કેળવણીનો વ્યાપ વધી રહ્યો છે તેને વેગ આપવાની જરૂર છે.



કન્યા કેળવણી અને બાળલગ્ન આ બંને વિષયો એકબીજા સાથે જોડાયેલા છે બાળપણથી જ છોકરા-છોકરીના લગ્ન કરી જવાબદારીનો બોજો નાખી દેવાથી કન્યા શિક્ષણમાં અવરોધ ઉભો થાય છે. માટે ગ્રામ પંચાયતો અને સમાજો સાથે મળીને દીકરી-દીકરાને ભણવાની પુરી તક મળે તે માટે સંયુકત પ્રયાસ કરવા જોઈએ. આપણા સમાજમાં બાળ લગ્ન એટલે કે ૧૮ વર્ષ પહેલા દીકરીના અને ૨૧ વર્ષ પહેલા દીકરાના છે. નાની ઉંમરે લગ્ન થવાથી છોકરીઓને પુરતું શિક્ષણ આપી શકાતું નથી અને તેને કુટુંબની જવાબદારી સંભાળવામાં પણ મુશ્કેલી પડે છે. હું પાંચ ગામ આહિર સમાજના આગેવાનો અને તમામ ભાઈ-બહેનોને અનુરોધ કરું છું કે આપણા સમાજને પ્રગતિમય બનાવવા માટે બાળલગ્ન નાબુદી અને દીકરીઓને ભણવાની પુરી તક મળે તો માટે નિસંકોચપણે સહિયારા પ્રયત્નો કરવા રહ્યા.

## વૈદ્ય, હકીમ, પરંપરાગત સારવાર (મનુષ્ય તેમજ માલઢોર) નું જ્ઞાન ધરાવતા વ્યકિતઓની વિગત



**હરીભાઇ ગણેશાભાઇ માતા**
હાડવૈદ્ય, ગામ : બંધડી



**ખીમાભાઇ કરમણભાઇ વરચંદ**
પશુસારવાર, ગામ : માચ

## ગાયન અને વાદ્ય ક્ષેત્રના કલાકારો



**કાનાભાઇ ગણેશાભાઇ ઉંદરીયા**
રાસડા, ભજન ગામ : માચ



**રણછોડભાઇ વસાભાઇ ગાગલ**
ભજનીક, ગામ : નેર



**ભચાભાઇ ગણેશાભાઇ માતા**
રાસડા ભજન, ગામ : માચ



**રણછોડભાઇ રૂપાભાઇ વરચંદ**
ભજનીક, ગામ : નેર



**માદેવાભાઇ હભુભાઇ વરચંદ**
રાસડા ભજન, ગામ : માચ



**વેલાભાઇ નારણભાઇ વરચંદ**
ભજનીક, ગામ : નેર



**મલુભાઈ અણદાભાઈ ચાવડા**
રાસડા ભજન, ગામ : માય



**હરીભાઈ રૂપાભાઈ વરચંદ**
ભજનીક, ગામ : નેર




**દેવાભાઈ રાજાભાઈ માતા**
ઢોલી, ગામ : માય



**સામજીભાઈ અણદાભાઈ આહિર**
રાસડા ભજન, ગામ : લાખાવટ



**માદેવાભાઈ ઘનાભાઈ આહિર**
રાસડા ભજન, ગામ : લાખાવટ




**સામજીભાઈ સવજીભાઈ ચાવડા**
ભજનીક રાસડા, ગામ : બંધડી



**રામજીભાઈ રૂપાભાઈ વરચંદ**
ભજનીક, ગામ : નેર



**નાયાભાઈ હરીભાઈ માતા**
ભજન, ગામ : બંધડી



**કંકુબેન સામજીભાઈ ચાવડા**
ભજનીક રાસડા, ગામ : બંધડી



**માદેવાભાઈ ગોવાભાઈ ડાંગર**
ભજનીક, ગામ : બંધડી



**માદેવાભાઈ ભુરાભાઈ ડાંગર**
ભજનીક, ગામ : બંધડી




**હરીભાઈ દેવકરણભાઈ ચાવડા**
ભજન, ગામ : બંધડી



**હરીભાઈ લખમણભાઈ ચાવડા**
ભજનીક, ગામ : બંધડી



**ભચુભાઈ વાલાભાઈ ચાવડા**
ભજન, ગામ : બંધડી



**મેઘાભાઈ પેથાભાઈ ચાવડા**
ભજનીક, ગામ : બંધડી



**સામજીભાઈ આણંદાભાઈ ઉંદરીયા**
લોકસાહિત્યકાર, ગામ : કકરવા



**કાનાભાઈ નારણભાઈ ચાવડા**
દેશી રાસડા, પ્રાચીન ગરબા,
દેશી ઢોલના તાલે રાસ રમનાર
ગામ : બંધડી

## શિક્ષણ ક્ષેત્ર



**શ્રી માદેવાભાઈ ખીમાભાઈ ઉંદરીયા**
મંત્રીશ્રી, ગામ : કકરવા
સમાજના પ્રથમ એડવોકેટ



**જાગૃતિબેન ધનજીભાઈ આહિર**
M. Com in Accounts,
Working IDBI Bank - Mumbai
ગામ : કકરવા



**શ્રી દિલીપભાઈ રામજીભાઈ ઉંદરીયા**
IC (Industrial Chemistry
Atmiya University)
ગામ : કકરવા



**પાર્વતિબેન માદેવાભાઈ ઉંદરીયા**
M.B.A., M. Com, B.B.I.
Working IDBI Bank Manager - Mumbai
ગામ : કકરવા




**શ્રી પ્રકાશ ધનજીભાઈ ચાવડા**
M.B.A., (Fin), B.E.
ગામ : કકરવા



**નાગલબેન હરીભાઈ ઉંદરીયા**
કવિતાની સ્પીચ
(તાલુકા કક્ષાએ એવોર્ડ), ગામ : માચ



**રીકલબેન હરીભાઈ આહિર**
Preparing of MBBS, ગામ : નેર



**પ્રિતીબેન હરીભાઈ આહિર**
B.Com (2nd Year), ગામ : નેર



**જયેશભાઈ મેઘજીભાઈ વરચંદ**
સોફ્ટવેર ઈન્જીનીયર અભ્યાસ

## સરકારી કર્મચારી



**રામાભાઈ મંડાભાઈ માતા**
પોસ્ટ ઓફીસ, ગામ : માય



**દિનેશભાઈ ગણેશભાઈ માતા**
પોસ્ટ ઓફીસ, ગામ : માય



**બલદેવભાઈ વાલાભાઈ ચાવડા**
હેલ્થ વર્કર, ગામ : માય



**સાજણભાઈ ખીમાભાઈ વરચંદ**
શિક્ષક, ગામ : માય



**લક્ષ્મીબેન વાલાભાઈ ચાવડા**
(માતા જશોદા એવોર્ડ સન્માન)
આંગણવાડી વર્કર, ગામ : માય



**સભીબેન માદેવાભાઈ માતા**
આંગણવાડી હેલ્પર, ગામ : માય



**રંભીબેન પરબતભાઈ વરચંદ**
(માતા જશોદા એવોર્ડ સન્માન)
આંગણવાડી વર્કર, ગામ : નેર



**રણછોડભાઈ વસાભાઈ ગાગલ**
પા.પુ વાલમેન (નિવૃત),
ગામ : નેર



**મહેશભાઈ આનંદભાઈ ગાગલ**
ગેટકો કલાર્ક, ગામ : નેર



**માલીબેન રાજેશભાઈ વરચંદ**
આંગણવાડી હેલ્પર, ગામ : નેર



**કાનાભાઈ ગણેશાભાઈ માતા**
પા.પુ. વાલમેન ગામ : બંધડી



**સભીબેન ગણેશાભાઈ ચાવડા**
આરોગ્ય નર્સ, ગામ : બંધડી



**કંકુબેન સામજીભાઈ ચાવડા**
આરોગ્ય નર્સ, ગામ : બંધડી



**હરીભાઈ ગણેશભાઈ માતા**
પા.પુ. વાલમેન (નિવૃત),
ગામ : બંધડી



**ભાવનાબેન મોમાયાભાઈ ઉંદરીયા**
આંગણવાડી વર્કર, ગામ : કકરવા



**શાંતિબેન ભરતભાઈ ઉંદરીયા**
આરોગ્ય નર્સ, ગામ : કકરવા

## સરપંચશ્રીઓ આહિર સમાજ



**શ્રી હરીભાઈ સાજણભાઈ ઉંદરીયા**
સરપંચશ્રી,
લાખાવટ ગ્રામ પંચાયત



**શ્રી પરબતભાઈ જગાભાઈ ચાવડા**
સરપંચશ્રી, બંધડી ગ્રામ પંચાયત
પ્રમુખશ્રી, ભચાઉ તાલુકા સરપંચ સંગઠન



**શ્રીમતિ હીરીબેન રામજીભાઈ વરચંદ**
સરપંચશ્રી,
નેર - અમરસર જુથ ગ્રામ પંચાયત


## જીલ્લા, તાલુકા, પંચાયતના હોદેદારોની વિગત.



**શ્રીમતિ વેજીબેન ગણેશાભાઈ ઉંદરીયા**
સભ્યશ્રી, જીલ્લા પંચાયત - કચ્છ.
માજી ચેરમેન કારોબારી સમિતી જીલ્લા પંચાયત - કચ્છ.



**શ્રી હિરાભાઈ પચાણભાઈ માતા**
માજી પ્રમુખશ્રી (૨૦૦૩)
ભચાઉ તાલુકા પંચાયત



**શ્રીમતિ હિરૂબેન હીરાભાઈ માતા**
માજી સભ્યશ્રી ભચાઉ તાલુકા પંચાયત



**શ્રી ગણેશભાઈ આણંદાભાઈ ઉંદરીયા**
માજી કારોબારી સભ્યશ્રી - તાલુકા પંચાયત ભચાઉ
માજી ચેરમેનશ્રી કે.ડી.સી.સી. બેન્ક
માજી ચેરમેન એ.પી.એમ.સી. ભચાઉ









**સમાજના વિકાસ માટે હું એક પ્રતિજ્ઞા રજુ કરૂં છું તેનું દરેક વ્યકિતએ અનુસરણ કરવું જોઈએ.**

## પ્રતિજ્ઞાપત્ર

### અમે પાંચ ગામ આહિર સમાજના બહેનો અને ભાઈઓ પ્રતિજ્ઞા લઈએ છીએ કે

- હું મારા દીકરી કે દીકરામાં ભેદ રાખીશ નહીં.
- દીકરી - દિકરો ભણી ગણીને હોંશીયાર બને, તેના માટે પુરતી કાળજી લઈશ.
- હું અને મારો પરીવાર વ્યસન મુકત બને, તેના માટે સતત પ્રયત્ન કરીશ.
- સમાજમાં બાળલગ્ન ન થાય, અને દીકરી - દીકરાને ભણવાની પુરી તક મળે, તેના માટે હું સતત જાગૃતિ રહીશ, અને સમાજને પણ જાગૃત કરવાનો પ્રયત્ન કરીશ.
- અમે અંધશ્રધ્ધા, દહેજ પ્રથા, અજ્ઞાનતા, ખોટા અને ખર્ચાળ કુરીવાજોનો ત્યાગ કરીશું.
- દીકરીના લગ્ન ૧૮ વર્ષ પછી, અને દીકરાને લગ્ન ૨૧ વર્ષ પછી, થાય તેનો આગ્રહ રાખીશ.
- લગ્ન કરનાર દરેક દંપતિ, લગ્ન નોંધણી કરાવી, તેનું પ્રમાણપત્ર મેળવે તેના માટેની માહિતીનું પ્રચાર કરીશું.
- અમે સૌ નર-નારી, અમારા ઈષ્ટદેવ ભગવાનશ્રી કૃષ્ણને નમન સાથે, ઉપરની પ્રતિજ્ઞાનું પાલન કરી, પાંચ ગામ આહિર સમાજને ઉજજવળ બનાવવા સદાય તત્પર રહીશું.

**લી. જાગૃતિ માદેવાભાઈ માતા - બંધડી**

કે.જી.બી.વી. કચ્છ પ્રથમ

**સહયોગ**

સેતુ અભિયાન

**શ્રી પાંચગામ આહિર સમાજ**